

હિમતનગરમાં ગુરુવારે જીલ્લા કોંગ્રેસ ધ્વારા પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારાને લઈને રેલી યોજાઈ હતી જે જીલ્લા કોંગ્રેસ કાર્યાલય થી સુત્રોચ્ચાર સાથે વિરોધ કરતા ટાવર ચોક અને ત્યાંથી સિવિલ સર્કલ પાસે રેલી પૂર્ણ થઈ હતી.

# અરવલ્લી જીલ્લામાં નિપાહ વાઈરસનો તોળાતો ખતરો

અરવલ્લી, તા. ૨૩

કેરળમાં નિપાહ નામના વાઈરસે હાહાકાર મચાવી દીધો છે ત્યારે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ નિપાહ વાઈરસ અંગે છે અને મોટેભાગે તેઓ જીલ્લામાં અને કેરળમાં આવનજાવન કરતા હોવાથી અને હાલમાં ઉનાળુ વેકેશનમાં કેરળના પ્રવશે ગયેલા લોકોના માધ્યમથી અરવલ્લી ભાગના કેરાલીયન પરિવારો કેરળ ગયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી અને ટૂંક સમયમાં વેકેશન પૂર્ણ થતું હોવાથી નોકરી અને ધંધા રોજગારના સ્થળોએ પરત ફરશે

## ટાયર પંચરવાળા, શૈક્ષણિક સંસ્થાઓમાં જોડાયેલ કેરાલિયન સ્ટાફ, કેરળના પ્રવશે ગયેલ જિલ્લાવાસીઓનું સ્કીનિંગ જરૂરી

જીલ્લા આરોગ્ય વિભાગને પરિપત્ર કરી સજાગ રહેવા જણાવી દેવાયું છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં નિપાહ વાઈરસનો ભય તોળાઈ રહ્યો છે. જીલ્લામાં શહેરી વિસ્તારો અને હાઈવે અને રાજ્યધોરી માર્ગ પર આવેલી ટાયર પંક્ચરની દુકાનો મોટેભાગે કેરળથી આવેલા લોકો ચલાવી રહ્યા છે. જીલ્લા સહીત મોડાસા શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ અને બેંકિંગ ક્ષેત્રે સહીત ખાનગી ક્ષેત્રમાં કેરળના લોકોનો દબદબો જીલ્લા સહીત મોડાસા શહેરમાં નિપાહ વાઈરસ પ્રવેશી શકે છે ની આશંકાઓ પ્રબળ બની છે. બીજી બાજુ આરોગ્ય વિભાગ પરિપત્રના સહારે હોવાનું જાણવા મળી રહ્યું છે.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કેરળથી મોટી સંખ્યામાં વર્ષોથી રોજી રોટી મેળવવા વસવાટ કરી રહ્યા છે અને તેહવાર અને સામાજિક પ્રસંગે અને ઉનાળુ વેકેશનમાં વતન કેરળ આવન-જાવન કરતા રહે છે. હાલ ઉનાળુ વેકેશન હોવાથી મોટા ત્યારે નિપાહ વાઈરસ પણ જીલ્લામાં પ્રવેશ કરે તો નવાઈ નહિ. કેરળથી આવતા તમામ લોકોનું સ્કીનિંગ કરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે. ઉનાળુ વેકેશનમાં ફરવા ગયેલા જિલ્લાવાસીઓ પણ નિપાહ વાઈરસના વાહક બની શકે છે ત્યારે જીલ્લા આરોગ્ય વિભાગે કેરળનો પ્રવાસ ગયેલા પ્રજાજનો અને કેરળ ગયેલા કેરાલિયન પરિવારોની માહિતી મેળવી પરત જીલ્લામાં પરત ફરે ત્યારે સ્કીનિંગ અને તબીબી અને આરોગ્ય કર્મચારીઓ દ્વારા સર્વલન્સ હાથ ધરવામાં આવેની માંગ જાગૃત નાગરિકો કરી રહ્યા છે અને જીલ્લા



આરોગ્ય વિભાગ દ્વારા લોક જાગૃતિ ફેલાવવા સાથે કેરળ સાથે સંસર્ગમાં આવેલા લોકોને આ વાયરસના ચિન્હો દેખાય તો તુરંત જીલ્લા આરોગ્ય વિભાગનો સંપર્ક કરવા તાકીદ કરવામાં આવે તે ખુબજ જરૂરી છે.

નિપાહ વાઈરસ લક્ષણો ચેપ લાગ્યાના ૧૪ દિવસની અંદર દેખા દે છે

નિપાહ વાઈરસનો ભોગ બનેલા દર્દીમાં તાવ, માથામાં દુખાવો, ખાંસી, ઉધરસ અને સુસ્તી સહીત માનસિક અસ્વચ્છતા અને શ્વાસ લેવામાં તકલીફ પડતી સહીત આ રોગના લક્ષણો ધરાવતા દર્દીમાંથી ચેપ ઝડપથી ફેલાતો હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

### સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જળસંચય યોજના હેઠળ

# તળાવો ઉંડા કરવાની કામગીરીમાં અમુક જગ્યાએ વેઠ ઉતારતી હોવાની ચર્ચા

ધનસુરા, તા. ૨૩

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જળસંચય અનુસંધાને તળાવો ઊંડા કરવાની કામગીરીમાં રીતસર વેઠ ઉતારતા હોવાનું ચર્ચાય છે. તળાવો ઊંડા કરવાનું અમુક જગ્યાએ કામ ચાલુ છે અને કેટલાક ઠેકાણે હજુ કામ શરૂ નથી થયુ એવી બૂમ પડી છે. ત્યારે સિંચાઈ વિભાગ અને કલેક્ટર અને આ કામ સાથે જોડાયેલ તમામ જવાબદાર અધિકારીઓએ કામનુ મોનીટરીંગ કરવાની જરૂર છે. સમયસર કામ શરૂ નહિ થાય તો જૂન માસમાં વરસાદ ચાલુ થશે તો શરૂ કરેલ કામો અધુરા રહેશે. મુખ્યમંત્રી તેમજ મંત્રીમંડળ અને આગેવાન કાર્યકર્તાઓ દ્વારા ખાત મુહૂર્તો થઈ રહ્યા છે પરંતુ ખાતમુહૂર્ત બાદ મશીનરીનો અભાવ અને એન્જીનિયરોની બેદરકારીના કારણે કામો સ્થગિત થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે. તમામ કામોનુ કાગળ ઉપર રીપોર્ટીંગ થાય તેના કરતા રોજેરોજનું કર્મચારીઓ દ્વારા સ્થળ મુલાકાત જરૂરી છે.

સરકારના સુંદર અભિગમને આગળ વધારવા માટે જવાબદાર કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા જે તે કામનો રીપોર્ટ સતત કામ કરતા મુખ્યમંત્રીને મોકલવો જોઈએ. પ્રજાની ચિંતા કરે છે ત્યારે એનજીઓ દ્વારા થતી આડોડાઈના કારણે લોકોમાં ખોટો મેસેજ જતો હોય તેવુ લાગે છે. ધનસુરા તાલુકામાં ચાલતા તળાવો ઊંડા કરવાની કામગીરીમાં કેટલાક ઠેકાણે તળાવમાં માટી ખોદવામાં ગેરરીતી થતી હોવાનું ચર્ચાય છે.

# મોયદ ખાતે શ્રીમદ્ ભાગવત જ્ઞાન યજ્ઞ પંચરાત્રી પારાયણ કથાનું આયોજન



પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મોયદ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે રાત્રીય કથાનું પાંચ દિવસ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિરના મંહત સ્વામી શ્રી ગોપાલજીવનદાસજી દ્વારા કથા સાથે સાર સમજાવતા યંત્ર યુગમાં પણ ધર્મપ્રેમી લોકો સમય કાઢીને કથા સાંભળવા ઉમટી પડયા હતાં.

મોયદ ખાતે આવેલ ભગવાન સ્વામીનારાયણ મંદિર ખાતે પાંચ દિવસ્ય રાત્રી કથાનું આયોજન મંદિરના મહંત સ્વામી પ્રાણજીવનદાસજીની પ્રેરણાથી કરવામાં આવી છે. પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિરના મંહત સ્વામી ગોપાલજી વનદાસજી દ્વારા તેમની આગવી શૈલીમાં ધર્મપ્રેમી લોકોને કથાનું રસપાન કરાવે છે. કથા સાંભળવા આવતાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો પણ મહંતની આગવી શૈલી અને કથા કહેવાની શૈલીથી ધર્મપ્રેમી હરિભક્તોમાં ભગતી સાથે ખુશી જોવાં મળી તો કથા સાંભળવા મોયદ ગામનાં લોકો સહિત આજુબાજુનાં વિસ્તારોમાંથી ધર્મપ્રેમી લોકો ઉમટી પડે છે અને ધાર્મિક જ્ઞાન લઈને ધન્યતા અનુભવે છે.

# મોડાસા દેવરાજ ધામ નજીક ઝાડી-ઝાંખરામાં વીજતાર શોર્ટ શર્કીટથી આગ ભભૂકી



મોડાસા શહેરમાં એકજ દિવસમાં આગ લાગવાની બે ઘટનાઓ બનતા ભારે અફડાતફડી મચી હતી. મોડાસા બાયપાસ રોડ પર દેવરાજ ધામ નજીક આવેલા ઝાડી-ઝાંખરા પરથી પસાર થતા વીજતારમાં એકાએક સ્પાર્ક થતા તણખલા ઝરતા આગ ભભૂકી ઉઠતા આગની ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતા તાબડતોડ આગના સ્થળે ધસી આવી આગ પર કાબુ મેળવવા ભારે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી દ્વારા પશુ સારવાર કેમ્પ યોજાયો



દાંતીવાડા, તા. ૨૪

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી, સરદાર કૃષીનગરની ચી.૫ કૃષિ મહાવિદ્યાલયના વિસ્તરણ પાંખ યોજના અને પશુચિકિત્સા તેમજ પશુપાલન મહાવિદ્યાલયના સયુંકત ઉપક્રમે દાંતીવાડા તાલુકાના ગણેશપુરા (વાઘરોલ) ગામે પશુ સારવાર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવેલ. યુનિવર્સીટીની વેટનરી કોલેજના ડો. નખાશી અને ડો. ટી.વી. સુતરિયાની ટીમ દ્વારા ૯૫ પશુઓ (ગે-ભેંસ)ના રોગો જેવા કે ગર્ભાશયના રોગો, ગરમીમાં ન આવવું, ઉથલો મારવો, ચામડીના રોગોનું નિદાન તથા સામાન્ય ઈજાઓની વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પમાં કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય ડો. એમ.આર. પ્રજાપતિ ઉપસ્થિત રહી ગ્રામજનોને પશુ તજજ્ઞોનો વધુમાં વધુ લાભ લેવા માટે આહવાન કરેલ. આ કેમ્પના આયોજનમાં વાઘરોલ દૂધ મંડળીના મંત્રી જીવાભાઈ પટેલે ખુબ સહકાર આપેલ તેમજ આ પ્રસંગે ચી.૫ કૃષિ મહાવિદ્યાલયના ડો. વી.ટી. પટેલ, આર.એન. પટેલ, એ.આર. દેશપાંડે અને જે.બી. ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા તેમજ વિસ્તરણ પાંખ યોજનાના ઈન્ચાર્જ ડો. આર.આર. પ્રજાપતિએ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યુ હતું.

# ભિલોડા પોલીસ ધ્વારા ત્રણ બાઈક ચોર ઝડપાયા



ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં દિન-પ્રતિ-દિન બાઈક ચોરી,ટ્રેક્ટરની ટ્રોલીની ચોરી, કલ્ટીવેટરની ચોરીનો સીલસીલો જારી બનતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. ભિલોડામાં અવાર-નવાર લોક કરેલી બાઈકો ધોળા દિવસે ઘર આંગણેથી આંખના પલકારામાં ચોરાઈ જાય છે. અમુક બાઈક ચાલકો પાસે બાઈકનો વિમો અને લાયસન્સ ના રાખતા હોવાના કારણે પોલીસ ફરીયાદ કરવાનું પણ ટાળતા હોય છે. ભિલોડાના હાર્દસમા કોટેઝ હોસ્પિટલ વિસ્તાર, આંબલી બજાર વિસ્તાર, તિરૂપતી પ્લાઝા કોમ્પલેક્ષ વિસ્તાર પાસેથી તાજેતરમાં ચોરાયેલી બાઈકો ચોરનાર ત્રણ બાઈક ચોરો પોલીસ ધ્વારા ઝડપાયા છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ. આઈ. એમ. આર. સંગાડાએ ત્રણ ચોર ઈસમોને ભિલોડા ન્યાય મંદીરમાં ન્યાયાધીશ સમક્ષ રજુ કર્યા હતા ત્યારે બે દિવસના રીમાન્ડ ન્યાયાધીશ ધ્વારા મંજુર કરાયા હતા. ત્રણ ચોર ઈસમોને પોલીસએ જેલના હવાલે કર્યા છે. પોલીસ બાઈક ચોરી સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ બાઈક ચોરીના ગુનામાં અન્ય ચોર ઈસમો સંડોવાયેલા હોવાનું જણાવ્યું હતું. ભિલોડા પોલીસ ધ્વારા બાઈક ચોર ત્રણ ઈસમોને દબોચી લેતાં ત્રણ ઈસમોએ બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલા હોવાનું કબુલ્યું હતું ત્યારે હાલના તબક્કે ત્રણ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો હતો. ભિલોડા પોલીસ ધ્વારા ત્રણ બાઈક ચોર ઝડપાયા હતા.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર.સંગાડાના જણાવ્યા મુજબ બાઈક ચોરીમાં સંડોવાયેલા ત્રણ યુવાનો રાજસ્થાન પોલીસએ ઝડપ્યા હતા ત્યારે ટ્રાન્સફર વોરંટના આધારે ત્રણ લબરમુછીયા બાઈક ચોરીના ગુનામાં સંડોવાયા છે. ગુજરાત રાજ્યની સરહદ ઉપર આવેલા ભિલોડા તાલુકામાં અવાર-નવાર ચોરીઓના બનાવો બનતા હોય છે ત્યારે પાડોશી રાજ્ય રાજસ્થાનના ચોર ઈસમોની સક્રીય ગેંગ સંડોવાયેલી હોવાનું પુરવાર થઈ રહ્યું છે.

# પાલનપુર ગુરૂનાનક ચોકમાં નાસ્તાની લારીના માલિક પર લાકડી-ધોકાથી હૂમલો

પાલનપુર, તા. ૨૪

પાલનપુર ખાતે ગુરૂનાનકચોક નજીક નાસ્તામાં પાવ ન આપવાની અદાવત રાખી છ શખ્સોએ લાકડી- ધોકા વડે હૂમલો કરી લારીના માલિક ઉપર હૂમલો કરતાં અફરા- તફરી મચી જવા પામી હતી. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે હૂમલાખોરોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુર ખાતે ગુરૂનાનક ચોક નજીક કેટલાક શખ્સો નાગજીભાઈ ઈશ્વરભાઈ પંચાલની લારીએ પાલક- પકોડા અને બે ડીસ સમોસા માંગ્યા હતા. જોકે, પાવ ન હોવાથી નાસ્તો પછી આપવાનું જણાવતાં આ શખ્સો ત્યાંથી જતા રહ્યા હતા. અને થોડીવાર પછી મહેશભાઈ નામના શખ્સ સહિત છ જણા લાકડી ધોકા લઈને ત્યાં આવ્યા હતા. અને પહેલા બીજાઓને કેમ નાસ્તો આપે છે તેમ કહી હૂમલો કર્યો હતો. જેમાં નાગજીભાઈને ઈજાઓ થવા પામી હતી. દરમિયાન આ શખ્સો જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી નાસી ગયા હતા.

આ અંગે નાગજીભાઈએ પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે છ શખ્સો સામે ગૂનો નોંધી તેમને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-૧૮નુ ભારતનું સૌથી મોટું જળ અભિયાન

ગાંધીનગર, તા. ૨૪

રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી નવનિર્મિત દેવભૂમિ દ્વારકા જિલ્લાના બરડીયા ગામ ખાતે ઉપસ્થિત રહયા હતા અને શ્રમદાન કર્યુ હતુ.





મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ''સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-૨૦૧૮''ને દેશનું સૌથી મોટું જળ અભિયાન ગણાવી તેનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કરતાં ઉમેર્યું હતું કે, તરસી ધરતીને તૃપ્ત કરવા માટે આરંભાયેલું આ અભિયાન તેના અંતિમ તબક્કામાં છે, ત્યારે રાજયભરની જનતાની આ અભિયાનમાં થઇ રહેલી સામેલગીરી રાજય સરકાર માટે પ્રોત્સાહક પુરવાર થઇ રહી છે.

તળાવની પવિત્ર માટીથી રાજયભરનાં લીલાછમ્મ બનશે, એવો આશાવાદ વ્યક્ત કરતાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આ અભિયાનમાં લોકોએ આપેલા શ્રમદાન અને સમયદાનના ભરપેટ વખાણ કર્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ''સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-૨૦૧૮'' ને દેશનું સૌથી મોટું જળ અભિયાન ગણાવતાં કહયું હતું કે, પક્ષાપક્ષીથી પર રહીને રાજયની સીત્તેર ટકા જનતાના કલ્યાણ માટે ઉપાડેલા આ અભિયાન થકી આવનારી પેઢી લાભાન્વિત થશે, જે આ યોજનાની સૌથી મોટી સફળતા સાબિત થશે.

રાજયના નાગરિકોને વગર રોયલ્ટીએ માટી આપવાની આ યોજનાને લોકોમાં સાંપડી રહેલા પ્રતિસાદ બદલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ નાગરિકોનો ખરા દિલથી આભાર પ્રગટ કર્યો હતો. અને આ અભિયાનથી થનારા ભવિષ્યના લાભો વર્ણવ્યા હતા. રાજયના અન્ય જળાશયોમાં ચાલી રહેલા જળસંચય અભિયાનની વિગતો મુખ્યમંત્રીએ વકતવ્યમાં વણી લીધી હતી. રૂપાણીએ જણાવ્યું હતું કે આ અભિયાનના પ્રારંભે થયેલી કાર્યવાહીની સાપેક્ષે અત્યારે આ અભિયાન ખૂબ ઝડપથી આગળ વધી રહયું છે, ત્યારે પાણીના પુર્નવપરાશ અંગે રાજય સરકાર ટૂક સમયમાં જ નવી નીતિ ઘડવામાં આવશે એવો અણસાર પણ મુખ્યમંત્રીએ આપ્યો હતો.

# મેઘરજના સીસોદરા (મે) ગામે રાષ્ટ્રીય પક્ષી મોરનું શોર્ટ-શર્કિટથી મોત

મેઘરજ, તા. ૨૪

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓ અને ગ્રામ્ય વિસ્તારમાં રાષ્ટ્રીય પક્ષી મોર માટે પ્રતિકૂળ વાતાવરણ હોવાથી મોટા પ્રમાણમાં હાજરી જોવા મળે છે. મેઘરજના સીસોદરા (મે) ગામે દિવ્યજ્યોતિ સેવાશ્રમ સ્કૂલ પાસે બુધવારે સાંજના સુમારે વીજ થાંભલા પર બેઠેલ મોરને વીજ કરંટ લાગતા જમીન પર પટકાઈ તરફડીયા ખાઈ મોત નિપજતા જીવદયા પ્રેમીઓમાં નિરાશા ફેલાઈ હતી.

# અરવલ્લી જિલ્લા ભાજપા અનુસૂચિત જાતિ મોરચાની મોડાસામાં બેઠક યોજાઈ

## કોંગ્રેસ, અલગતાવાદી તત્વો અને વામપંથીઓથી દલિત સમાજ માટે ખતરો : ગૌતમ ગડીયા





અરવલ્લી, તા. ૨૩

અરવલ્લી જીલ્લા અનુસૂચિત જાતિ મોરચાની જીલ્લા કક્ષાની બેઠક મોડાસા શહરેના જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી ગૌતમ ગડીયાની ઉપસ્થિતિમા યોજાયી હતી. જેમાં પ્રદેશમાંથી સતીશ સોલંકી, જીલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મંત્રી શામળભાઈ પટેલ, એસ.એન. ખાંટ, જીલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ દિનેશ પરમાર, મહામંત્રી જસવંત પરમાર, મુકેશ રાઠોડ, કનુભાઈ પરમાર, યોગેશ બુદ્ધ, ડૉ. રમેશ પરમાર, નટુભાઈ વણકરની ઉપસ્થિતિમાં કાર્યકારી બેઠક યોજાયી હતી. જેમાં જીલ્લાના મોરચાના હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જીલ્લા અનુસૂચિત મોરચાની બેઠકમાં ગૌતમ ગડિયાએ જીલ્લામાં અનુસૂચિત જાતિ મોરચાનું માળખું સંગઠિત કરવા અને કેન્દ્ર સરકાર અને નરેન્દ્ર મોદી સરકારની અનુસૂચિત જાતિ સમાજ માટેની વિવિધ યોજનાઓ અને સહાય અંગે અનુસૂચિત જાતિ સમાજના લોકોના ઘરે ઘરે પહોંચાડવા હાકલ કરી ચાર વર્ષ દરમિયાન કેન્દ્ર સરકારની ઉપલબ્ધીઓ અંગે માહિતગાર કરવાની સાથે સમાજ ઉપયોગી કાર્યો થકી પક્ષનો પ્રચાર કરવા અને આગામી ૨૦૧૯માં યોજાનાર લોકસભાની ચૂંટણીની મહેનતમાં લાગી જવા સાથે ફક્ત પદ પૂરતા હોદ્દા અને લેટરપેડ અને કાર્ડ છપાવવા હોદ્દા લેનાર અને ભાજપ પક્ષ માટે કામ નહિ કરનાર લોકો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને દલિત સમાજ માટે કોંગ્રેસ, અલગતાવાદી તત્વો અને વામપંથીઓથી ભારે ખતરો હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.